


## શ્રી તાત્યા પાટીલ કોતે

- મિનાક્ષી કરમરકર

બાબા જયારે શિરડી આવ્યા ત્યારે તાત્યા કોટે પાટીલ ૭ થી ૮ વર્ષના હતા. એમના ઘનિષ્ઠ સંબંધોને લઈને તાત્યા બાબાને 'મામા' કહીને બોલાવતા અને બાબા પણ એને પોતાના ભાણેજની જેમ જ સાચવતા. ઘણીવાર બાયજાબાઈ તાત્યાને એના વર્તન માટે ખુબ ખીજવાતા પણ બાબા એને છાવરતા, સહકાર આપતા.

તાત્યા પૂર્ણપણે બાબાને સમર્પિત હતા. બાબા ઘણીવાર તાત્યાને કહેતા કે "તાત્યા યા કોટયા યા કોટે ચા ઘોડ મુખ્યા". તાત્યા દરરોજ બાબા પાસે રૂ.૩૫ ની બક્ષિસ મેળવતા. બાબા પાસે જે પણ દાન-દક્ષિણા આવતા તે તેઓ રોજેરોજ બાયજાબાઈ, તાત્યા, બડે બાબા, અમાની, ઝીપ્રી વગેરેને આપી દેતા.

એમના દેવત્વને લઈને કોઈપણ જાતની અપેક્ષા વગર, નિ:સ્વાર્થભાવે એમનો પરિવાર બાબાનો અનુયાયી હતો. તાત્યા શિર્ડી ગામમાં નામદાર ખેડૂત હતા. એમની પાસે ૬ બળદની જોડ હતી. આમ, તેઓ ગામમાં પૈસાદાર ખેડૂત ગણાતા. ગામના દરેક વ્યક્તિને અગ્રેસર રહી મદદ કરવી એવો એમનો સેવાભાવી સ્વભાવ હતો અને શિર્ડીના હિતમાં ગામલોકોને દરેક કાર્યમાં સહકાર આપવા સદાય તત્પર રહેતા.

બાબા દરરોજ પાંચ ઘરે ભિક્ષા માંગતા જેમાનું એક ઘર તાત્યાનું છે. તાત્યાના મા બાયજાબાઈ કોઈપણ દિવસ બાબાને ખાલી હાથે જવા દેતા નહીં અને હંમેશા હસતા મુખે પ્રેમથી બાબાને ભિક્ષા આપતા. બાબા દિવસમાં આઠ વાર ભિક્ષા પ્રેમથી લેતા. ૧૮૭૬ માં મહારાષ્ટ્ર રાજયમાં દુકાળ આવ્યો ત્યારે બાબા ફકત બાયજાબાઈ અને નંદુરામ મારવાડીના ઘરે જ ભિક્ષા માંગતા.

ગંગાગીર મહારાજ જયારે પહેલી વખત શિરડીની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે બાબાને જોઈને કહ્યું હતું કે "શિર્ડી ભાગ્યવાન છે કે એમને બાબારૂપે કિંમતી રત્ન મળ્યું છે." ૧૭-૧૮ વર્ષની ઉંમરે તાત્યા આ ગંગાગીર મહારાજ સાથે નામસપ્તાહ કરવા અનેક સ્થળોએ જતા. નામસપ્તાહની વાતો સાંભળીને બાબા ખુબ ખુશ થતા.

૧૯૦૯ થી શિર્ડીમાં ચાવડી શોભાયાત્રા મુખ્ય તહેવારે તથા દર ગુરૂવારે શરૂ કરવામાં આવી. જેમાં દ્વારકામાઈથી બાબાની સાથે ભાવિક ભકતો નાચ-ગાન, અનેકવિધ વાજીંત્રો સાથે ભજન કરતા જોડાતા. બાબાને પ્રિય એવા શ્યામકર્ણ ઘોડાને પણ સુંદર રીતે સજાવવામાં આવતો. બાબા શાંતિથી મસીદમાં બેસતા. તાત્યા ભજનમંડળી લઈ બાબા પાસે તૈયાર થવા સારૂં અરજ કરતા. પછી બગલમાં હાથ રાખી તાત્યા સાચવીને બાબાને ઊભા કરતા. તાત્યા બાબાના દેહ પર સોનેરી ભરતવાળું સુંદર શેલુ નાંખતો. બાબા દ્વારકામાઈથી ચાવડી જતા ત્યારે એ શોભાયાત્રાનું વર્ણન અવર્ણનીય છે. તાત્યા બાબાની ડાબી બાજુ રહેતા અને મહાલસાપતિ બાબાની જમણી બાજુ રહેતા અને બાપુસાહેબ જોગ બાબાના માથા ઉપર સજાવેલું છત્ર ધરતા. તાત્યા પાટીલ હાથમાં ફાનસ લઈ બાબાની ડાબી બાજુ ચાલતા અને ભકત મહાળસાપતિ બાબાનો કપડાનો છેડો પકડી જમણી બાજુ ચાલતા હતા. શોભાયાત્રાની આગળ શ્યામકર્ણ ઘોડો રહેતો. દ્વારકામાઈથી શિર્ડી સુધીનું અંતર પાર કરતા શોભાયાત્રાને બે થી ત્રણ કલાક લાગતા.

ચાવડીમાં શોભાયાત્રા પહોંચે એટલે તાત્યા બાબાનું બેસવાનું આસન પાથરી દેતો અને પાછળ તકિયો મૂકતો. પછી બાબાને સફેદ અંગરખું પહેરાવતા. ત્યારબાદ બાબા આસન ગ્રહણ કરતા અને તાત્યા, મહાલસાપતિ, બાપુસાહેબ જોગ, વગેરે બાબાની પૂજા-અર્ચના કરતા. પૂજા-અર્ચન થયા બાદ શામા ચલમ તૈયાર કરી તાત્યાના હાથમાં આપતા અને તાત્યા ચલમને ફૂંકીને ભડકો કરી બાબાને આપતા. ત્યારબાદ મહાળસાપતિ અને અન્ય ભકતોના હાથમાં ચલમ ફરતી. ત્યારબાદ ભકતોનું વિસર્જન થતું. તાત્યા પણ જવા ઉઠતા એટલે બાબા કહેતા 'મારી

ચોકી કરજે, તારે જવું હોય તો જા પણ રાતમાં પાછો આવજે અને ખબર રાખજે.' તાત્યા ઘરે જઈ પાછા આવતા. આ બાબા અને તાત્યા વચ્ચેના સંબંધો હતા. બાબા સાથે ૧૪ વર્ષ સુધી તાત્યા રોજ મસ્જીદમાં સૂતા.

શ્રી સાંઈ સચ્ચરિત્રના અધ્યાય ૯ માં જણાવ્યા મુજબ "એકવાર તાત્યા કોટે હટાણું કરવા ટાંગામાં કોપરગાંવ જતો હતો. તેણે મસીદમાં એક્દમ આવી બાબાને નમન કરીને કહ્યું કે "હું હટાણું કરવા કોપરગાંવ જાંઉ છું." બાબા બોલ્યા, "ઉતાવળો થા મા. થોડીવાર થોભી જા. ભલે બજાર ઉઠી જતી. શિરડીમાંથી બહાર નીકળીશ નહીં." એ છતાં જવા માટેની તેની આતુરતા જોઈ બાબાએ કહ્યું, 'તો છેવટે શામાને સાથે તેડતો જજે." પણ તાત્યા તો આ સૂચના પણ અવગણીને એકદમ ટાંગો હંકારી ગયો. તાજો જ ત્રણસો રૂપિયાનો એક ઘોડો તેણે ખરીદેલો. તે ભારે તોફાની હતો. માર્ગમાં સાઈલના પછી ભયંકર ઝડપથી તે દોડવા લાગ્યો. તેથી કેડે આંચકો લાગવાથી તે નીચે પડયો. તાત્યાને બહુ વાગ્યું તો નહિ પણ તે દિવસથી શ્રી સાઈબાબાની આજ્ઞા માથે ચડાવવાનું કદી ભૂલ્યા નથી. બીજુ એક વાર કોલ્હાપુર ગામ જતાં જયારે બાબાની આજ્ઞા અવગણી હતી ત્યારે પણ તેમને આવો જ અકસ્માત નડયો હતો.

તાત્યા પાટીલને ત્રણ પત્નીઓ હતી. જેમાંથી પહેલી બે પત્નીઓને કોઈ સંતાન નહોતું અને એમની ત્રીજી પત્ની પણ બાળક આપી શકે તેમ નહોતી. તેઓ ખુબ જ ચિંતાતુર રહેતા અને એમણે નક્કી કર્યું કે એમના મિત્ર રામચંદ્ર પાટીલના બાળકને દત્તક લેવું. એમણે દત્તક સમારંભનું આયોજન કર્યું અને દત્તકપત્ર પર બાબાના આશીર્વાદ લેવા દ્વારકામાઈમાં બાબા પાસે ગયા. બાબાએ જયારે દત્તકપત્ર જોયું ત્યારે તરત જ તાત્યાને કહ્યું, "શા માટે બીજાનું બાળક તું દત્તક લે છે? તારે ત્યાં તારૂં પોતાનું બાળક થશે."

તાત્યાને બાબાના દરેક શબ્દ ઉપર અપાર વિશ્વાસ હતો એટલે એમણે તરત જ દત્તક સમારંભ અટકાવી દીધો. ત્યારબાદ ઘણા લાંબા સમય સુધી એમણે કોઈપણ બાળકને દત્તક લીધો નહીં. ફરી એકવાર બાબા પાસે ગયા અને બાબાને બાળક માટેની પોતાની તીવ્ર ઈચ્છા જણાવી. બાબાએ કહ્યું, "તાત્યા, તને બાળક જોઈએ છે પણ એમ કરવાથી તારૂં શરીર નબળું પડશે. તું જ નક્કી કર કે તારે તંદુરસ્તી સાચવી શ્રીમંત બનવું છે કે બાળક જોઈએ છે?" તાત્યા, ઘણા વર્ષોથી બાળક ઝંખી રહ્યા હતા તેથી તેમણે કહ્યું કે, "મારે બાળક જોઈએ છે." બાબાએ તૃપ્તતાભરી હાસ્ય કરી આશીર્વાદ આપ્યા. જયારે તાત્યા ૫૫ વર્ષના થયા ત્યારે એમના ઘરે બાળકો થયા અને ઘણો મોટો પરિવાર બન્યો.

એક દિવસ રાધાકૃષ્ણામાઈના ઘરે જમવા માટે બાપુસાહેબ બુટ્ટી, કાકાસાહેબ દિક્ષિત, ડૉ. પિલ્લાઈ અની તાત્યા ગયા. તે વખતે તાત્યાએ રાધાકૃષ્ણમાઈ માટેનો પોતાનો અનુભવ વર્ણવ્યો. એકવાર એ ઘણો સંઘર્ષમા હતો ત્યારે રાધાકૃષ્ણામાઈને બહુ ગુસ્સામાં જોયા. ત્યારબાદ એ પોતાના ખેતરમા ગયો અને ખેતીકામ કરવા લાગ્યો. એણે જોયું કે કશેકથી પથ્થર આવતા હતા અને એના પગ ઉપર લાગતા હતા. એ ઘણો જ દુ:ખી થયો પણે શોધી શકયો નહીં કે એ પથ્થર કોણ એના તરફ ફેંકતુ હતુ. પછી એમણે એવું અનુભવ્યું કે આ કામ રાધાકૃષ્ણમાઈનું જ છે. એ બાબાને જમાડતા હતા અને ભાવિક ભકતો દ્વારા લાવવામાં આવતી અનેક ભેટસોગાદોની વ્યવસ્થા કરી શિર્ડી સંસ્થાન માટે ઘણા નિયમો બનાવ્યા હતા જે આજે પણ એનો અમલ થાય છે.

બાબાએ જયારે જાણ્યું કે તાત્યાનું મૃત્યુ વિજયાદશમીના દિવસે થશે ત્યારે એમણે શ્રી રામચંદ્ર દાદાજી કોટે પાટીલના સ્વપ્નમાં આવી આ વાત કરી. ત્યારે શ્રી રામચંદ્ર પાટીલ બીમાર હતા અને તાત્યા પણ બીમાર હતા. બાબાએ આ વાત ખાનગી રાખવા રામચંદ્ર પાટીલને કહી હતી પરંતુ રામચંદ્ર પાટીલે આ વાત બાલા સિમ્પીને જણાવી ચુપ રહેવા કહ્યું. ૧૯૧૮ નો એ દિવસ આવી ગયો. રામચંદ્ર પાટીલ હવે સારા થઈ ગયા હતા પણ તાત્યા તો પથારીમાંથી ઉઠી પણ શકતો ન હતો. બાલા સિમ્પી અને શ્રી રામચંદ્ર પાટીલ તાત્યાના ઘરે ચિંતાતુર થઈ બેઠા હતા. એટલામાં તાત્યાના શરીરમાં ચેતનાનો સંચાર થયો અને અચાનક એ ઉભો થઈ ચાલવા લાગ્યો. એકદમ સારો થઈ

ગયો હોય તેમ એ ફરવા લાગ્યો. એનાથી માંદગીને લઈને બાબાના દર્શને જઈ શકાતું ન હતું એટલે દોડતો એ બાબાને મળવા મસ્જીદમાં ગયો. બાબાના ચરણમાં પોતાનું માથું મૂકી રડવા લાગ્યો. બાબાએ જોયું તાત્યા સારો થઈ ગયો છે. શામાને કહ્યું કે એને એના ઘરે મૂકી આવો. આશરે બપોરે બે વાગ્યાનો સમય હતો. આ બાજુ ધીમેધીમે બાબાની તબિયત બગડવા લાગી. આમ, તાત્યાને નવજીવન આપવા માટે પોતાના દેહનો ત્યાગ કર્યો હતો.

બાબાના મહાપ્રયાણ પછી તાત્યા કોટે પાટીલ આશરે ૨૭ વર્ષ જીવ્યા. બાબા તરફથી મળેલ આ અણમોલ જીવનને એમણે બાબાની સેવામાં તથા એમણે બતાવેલા રસ્તે વ્યતિત કર્યું. ૧૯૪૫ માં બાબાનું સ્મરણ કરતા કરતા એમણે પોતાનો દેહ છોડયો. એમના ઉપર બાબાની અસીમ કૃપા હતી.